*This Question Paper contains 6 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : 101411

# 060(G)

**(May, 2021)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ છ વિભાગ અને 55 પ્રશ્નો છે.
2) બધાજ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
3) પ્રશ્નોની સામે લખેલા અંક ગુણ દર્શાવે છે.
4) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખવા.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 15 હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરી લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[15]**

**1)** ઘઉંમાં ગેરુંનો રોગ કયા કારણથી થાય છે ?

(A) વાયરસ (B) જીવાણું

(C) કૃમિ (D) ફૂગ

**2)** પપૈયાનું સંવર્ધન શેનાથી થાય છે ?

(A) કટકા (B) આંખ

(C) બીજ (D) ભેટ કલમ

**3)** નર્મદા યોજના બંધ દુનિયાનો કયા નંબરનો બંધ છે ?

(A) પ્રથમ (B) બીજા

(C) ત્રીજા (D) ચોથા

**4)** જીવંત કોષમાં કોની હાજરીથી જ રસાયણિક ફેરફારો થાય છે ?

(A) ઉદ્દીપકો (B) હોર્મોન્સ

(C) જીવાણું (D) કૃમિ

5) ગુજરાતમાં જમીન સંરક્ષણ સંશોધન કેન્દ્ર ક્યાં આવેલું છે ?

(A) અંકલેશ્વર (B) વાસદ

(C) રાધનપુર (D) મહેસાણા

6) લીલા પડવાશ માટે કયા વર્ગનો પાક પસંદ કરવામાં આવે છે ?

(A) અનાજ (B) કંદમૂળ

(C) કઠોળ (D) મસાલા

7) ગુજરાતમાં કયા જિલ્લામાં ચીકુનું વાવેતર સૌથી વધારે થાય છે ?

(A) વલસાડ (B) ડાંગ

(C) સાબરકાંઠા (D) મહેસાણા

8) છોડના પોષણ માટે કુલ કેટલા પોષક તત્વોની જરૂરિયાત છે ?

(A) 4 (B) 16

(C) 8 (D) 12

9) મગફળીના બીજ પ્લોટમાં આઇસોલેશન અંતર કેટલા મીટર રાખવાનું હોય છે ?

(A) 10 (B) 9

(C) 6 (D) 3

10) સીતાફળનું સંવર્ધન કઈ રીતે થાય છે ?

(A) નૂતન કલમથી (B) બીજથી

(C) ગુટી કલમથી (D) પીલાથી

11) રીંગણી - મરચીમાં થતો કોકડવા રોગ કયા રોગ પ્રેરકથી થાય છે ?

(A) વાયરસ (B) ફૂગ

(C) જીવાણું (D) કરમિયા

12) ભારતમાં કયું ફળ 'રાષ્ટ્રીય ફળ' તરીકે જાણીતું છે ?

(A) ચીકુ (B) સીતાફળ

(C) આંબળા (D) કેરી

13) ક્રિકેટ બોલ એ કયા ફળઝાડની સુધારેલી જાત છે ?

(A) દાડમ (B) આમળા

(C) સફરજન (D) ચીકુ

14) બાજરીમાં કયા રોગમાં ડૂંડાની જગ્યાએ ઝીણા પાન નીકળે છે અને ડૂંડા સાવરણી જેવા થઈ જાય છે ?

(A) અર્ગટનો રોગ (B) અંગારિયો

(C) રાતડો (D) બ્લાઈટ

15) કયો સૂક્ષ્મ જીવ, સજીવ-નિર્જીવ વચ્ચેની કડીરૂપ છે ?

(A) કૃમિ (B) વાયરસ

(C) જીવાણું (D) ફૂગ

## વિભાગ - B

■ **નીચેના 16 થી 30 સુધીના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[15]**

16) કઈ સિંચાઈ યોજના ગુજરાતની જીવાદોરી સમાન છે ?

17) સૂકી ખેતી એટલે શું ?

18) ખાતરના મુખ્ય બે પ્રકાર જણાવો.

19) કેળમાં આવતા બે કીટકોના નામ જણાવો.

20) માતૃ ખડક એટલે શું ?

21) લીલા પડવાશમાં કયા બે પાકનો ઉપયોગ વધુ થાય છે ?

22) પિયતના પાણીમાં કયા તત્ત્વનું પ્રમાણ વધારે હોય તો તે વનસ્પતિને નુકસાન કરે છે ?

23) ડોક પદ્ધતિ એટલે શું ?

24) કેળના પાકને કયું હવામાન માફક આવે છે ?

25) પાણીથી થતા ધોવાણના મુખ્ય પ્રકાર કેટલા છે ?

26) કીટકનાશી દવા પવનની કઈ દિશામાં રહી છાંટવી ?

27) જમીનમાં રહેલા કયા આપનોના પ્રમાણને જમીનનો PH કહે છે ?

28) કુદરતી બળોથી 2.5 સે.મી. જમીનનો થર તૈયાર થતાં કેટલાં વર્ષ લાગે છે ?

29) આંબાના વાવેતર કરતા અગત્યના દેશોના નામ આપો.

30) કીટકોના મુખ્ય બે પ્રકાર જણાવો.

## વિભાગ - C

■ **નીચેના 31 થી 42 સુધીના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** **[24]**

31) ફળમાંથી બનાવવામાં આવતી વાનગીઓ જણાવો.

32) બાજરીના પાકમાં આવતા રોગો અને કીટકોના નામ જણાવો.

33) ખેતીમાં ઉપયોગી ચાર કીટકોના નામ આપો.

**અથવા**

કીટકની ચાર અવસ્થાના નામ લખો.

34) ફોસ્ફરસ યુક્ત ચાર ખાતરના નામ જણાવો.

35) વર્મીકમ્પોષ્ટ બનાવવાની બે મર્યાદા જણાવો.

36) વનસ્પતિ રોગ પેદા કરનાર ચાર રોગ પ્રેરકોના નામ આપો.

37) આંબામાં આવતા રોગો - કીટકોના નામ જણાવો.

38) ડસ્ટર અને સ્પ્રેયરના તફાવત ના બે મુદ્દા જણાવો.

39) પપૈયાનું આહારની દૃષ્ટિએ મહત્વ જણાવો.

40) આંબાની કેસર કેરીની બે વિશેષતાઓ જણાવો

**અથવા**

આંબાની વિવિધ ચાર જાતો જણાવો.

41) કીટકના શરીરના મુખ્ય ત્રણ ભાગ જણાવો.

42) બે સપુષ્પ પરોપજીવી વનસ્પતિના નામ આપો.

## વિભાગ - D

■ **નીચેના આપેલા 43 થી 50 પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[24]**

43) ફળ બગડવાના કારણો જણાવો.

44) લીલા પડવાશથી થતા લાભ જણાવો.

45) કપાસના ખૂણિયા - ટપકાનાં રોગનાં લક્ષણો જણાવો.

**અથવા**

કપાસમાં આવતા રોગોનાં નામ લખો.

46) ટપક સિંચાઈ પદ્ધતિનાં છ લાભ જણાવો.

47) જમીનની ફળદ્રુપતાને અસર કરતાં પરિબળો જણાવો.

48) સુકી ખેતીને સફળ બનાવવાના ઉપાયો જણાવો.

49) કીટક નિયંત્રણની પદ્ધતિઓ લખો.

50) રાસાયણિક દવા છાંટતી વખતે રાખવાની કાળજી જણાવો. (કોઈપણ ત્રણ)

## વિભાગ - E

■ **નીચેના 51 થી 53 સુધીના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો. દરેક પ્રશ્નના 4 ગુણ છે.** **[12]**

51) સંકલિત રોગ નિયંત્રણ વિસ્તારથી સમજાવો.

52) 4 હેક્ટરના ડાંગરના પાકને પ્રતિ હેક્ટર 50 કિ.ગ્રા નાઈટ્રોજન અને 40 કિ.ગ્રા ફોસ્ફરસ આપવા કેટલા પ્રમાણમાં એમોનિયમ સલ્ફેટ અને સિંગલ સૂપર ફોસ્ફેટ જોઈએ ?

**અથવા**

5 (પાંચ) હેક્ટરના મકાઈના પાકને પાયાના ખાતર તરીકે પ્રતિ હેક્ટરે 100 કિ.ગ્રા. નાઈટ્રોજન અને 100 કિ.ગ્રા. ફોસ્ફરસ તેમજ પૂર્તિખાતર તરીકે 50 કિ.ગ્રા. નાઈટ્રોજન આપવા કેટલા પ્રમાણમાં યુરિયા અને સિંગલ સૂપર ફોસ્ફેટ જોઈએ ?

53) જમીન ધોવાણ અટકાવવાના ચાર ઉપાયો જણાવી સમજાવો.

## વિભાગ - F

■ **નીચે આપેલા 54 થી 55 પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો. દરેકના 5 ગુણ છે .** **[10]**

**54)** ફળ પરિક્ષણના દસ ફાયદા જણાવો

**અથવા**

ફળોની વાનગીઓમાં ચીકુમાંથી જામ બનાવવાની રીત વિગતે સમજાવો.

**55)** પિયતના ફાયદા જણાવો.

◆◆◆